જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૪/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૭૯૬/૧૫

દેશી બનાવટના તમંચા નંગ-૧૦ તથા જીવતા કારતુસો નંગ-૧૦ સાથે એક ઇસમને ઝબ્બે કરતી એસઓજી

ખાસ પોલીસ કમિશ્નરશ્રી એ.કે.શર્મા સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપેન ભદ્રન સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી સાહેબ એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા સાહેબ નાઓએ શહેરમાં કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા તેમજ ગેરકાયદેસર હથિયારના ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ. જે અનુંસધાને અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી સી.બી.ગામીત તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગ માં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા નાના ચીલોડા અમદાવાદ ઉદેપુર રેલવે લાઇન ફાટક પાસે આવતા બાતમી હકીકત મળેલ કે '' એક ઇસમ નામે મુકેશ તીવારી રહે ભુવાભાઇ રબારીના મકાનમાં શાસ્ત્રીનગર શીવાનંદનગર પાસે અમરાઇવાડી અમદાવાદ શહેરવાળો તેના મુળ રહે ઉત્તર પ્રદેશ નાઓ મોટા પ્રમાણમાં હથિયારો લઇ ને આવેલ છે અને ૦નાના ચીલોડા તરફથી આવી રેલવે ફાટક થઇ નરોડા પાટિયા તરફ જનાર છે જેણે શરીરે આછા પીળા કલરનુ શર્ટ તથા વાદળી કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે'' વિગેરે બાતમી હકિકત આધારે આ ઇસમની વોચમાં રહેતા આ ઇસમ નામે મુકેશ સ/ઓ લાલતાપ્રસાદ તીવારી ઉ.વ. ૨૦ રહેવાસી હાલ રહે, ભુવાભાઇ રબારીના મકાનમાં શાસ્ત્રીનગર શિવાનંદનગર અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન રહે ગામ ધરમપુર તા.બીરસીંગપુર જીલ્લો સુલતાનપુર થાના દોસ્તપુર ઉત્તરપ્રદેશ નાનો નાના ચીલોડા અમદાવાદ ઉદેપુર રેલવે લાઇન ફાટક પાસેથી મળી આવેલ અને તેની પાસેના થેલાની ઝડતી તપાસ કરતા તેની પાસેથી અલગ અલગ પ્રકારના ૧૦ દેશી બનાવટના તમંચા જેની કિ.રૂ.૫૦૦૦૦/- તથા જીવતા કારતુસ નંગ-૧૦ જેની કિ.રૂ. ૧૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૫૧૦૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ. જેથી સદરહું ઇસમને પકડી તેની પુછપરછ કરતા તે આજથી ચાર પાંચ દિવસ અગાઉ મધ્ય પ્રદેશના ભીંડ ખાતે ગયેલ અને ત્યાંથી તે ભીંડની પાસે આવેલ મહાડા ગામમાં હથિયાર મળે છે ત્યાં ગયેલો અને ત્યાં હથિયારો મળતા હોય સોનુ નામના વ્યક્તિ પાસેથી ૧૦ હથિયારો રૂ.૨૦૦૦૦/- તથા ૧૦ કારતુસ રૂ.૫૦૦/- મા લીધેલ હતા અને અમદાવાદ લાવી વધુ કિમંતમાં વેચાણ કરવાના હતા આર્થીક ફાયદો થાય તે માટે લાવેલ હોવાનુ તપાસ દરમ્યાન જણાય છે તેમજ સદરહું આરોપી રામોલ પોલીસ સ્ટેશનમાં સને-૨૦૧૪ માં ઇગ્લીંશ દારુના કેસમાં પકડાયેલ હતો જેમાં તેને પાસામાં સુરત જેલમાં હતો સદરહું આરોપીને અટક કરી તેના વિરુધ્ધમાં હથિયારધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે.અને સદરહું આરોપી અન્ય કોઇ ગુનાઓમાં સંડોવાયેલ છે કે કેમ? તેની તપાસ ચાલુ છે. વિશેષ પુછપરછ કરતા અમરાઇવાડી અમદાવાદ ખાતે તેના મોટાભાઇ રાકેશ લાલતા પ્રસાદ તીવારી સાથે છેલ્લા ત્રણ વર્ષથી રહે છે અને એમ્રોડરીના કારખાનામાં નોકરી કરે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર રીતે આવેલ સાત બાંગ્લાદેશી ગરીકોને ઝબ્બે કરતી એસઓજી ક્રાઇમ

મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એસઓજી ક્રાઇમના પો.સ.ઇ.શ્રી એ.કે.વડીયા તથા પોસઇ પી.બી.દેસાઇ તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સુએજ ફાર્મ કચરાપેટી પાસે આવતા ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે " સુએજ ફાર્મ પાસે આવેલ ખુલ્લા મેદાનમાં કેટલાક બાંગ્લાદેશ નાગરિકો છે અને ભારતના વિઝા વગર ગેરકાયદેસર રીતે બોર્ડર પાર કરી ભારતમાં પ્રવેશ કરી અત્રે આવેલ છે" જે બાતમી હકીકત આધારે હકીકતવાળી જગ્યાએ જઇ તપાસ કરતાં કુલ્લે ૭ ઇસમો મળી આવેલ. જે ઇસમોને પકડીને ઉંડાણપુર્વક પુછપરછ કરતાં તેઓ પાસે ભારતીય નાગરિક તરીકેનો આધાર પુરાવાઓ નહી હોવાનું જણાવતાં અને તેઓ ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી અહીયાં આવેલ હોવાનું જણાવતાં બાંગ્લાદેશી નાગરિક નં.(૧) અસરફઉલ્લ શોબેમુલ્લા જાતે મુલ્લા ઉ.વ ૩૦ ધંધો કડીયા કામ રહેવાસી ચારમાળીયા વટવા ક્રોસીંગ પાસે વટવા અમદાવાદ મુળ વતન ગામ મોઇઝડીયા થાના દિગોલયા જીલ્લા ખુલના બાંગ્લાદેશ તથા નં.(૨) નીરાબ માજીદભાઇ મલિક ઉ.વ. ૪૫ ધંધો ભીખ માંગવાનુ રહેવાસી ચારમાળીયા વટવા ક્રોસીંગ પાસે વટવા અમદાવાદ મુળ વતન ગામ બાબુપુર થાના કાલિયા જીલ્લા નોડાઇલ બાંગ્લાદેશ તથા નં.(૩) કામરુલશેખ મોહંમદબશાર શેખ જાતે શેખ (મુસ્લીમ) ઉ.વ.૩૦ ધંધો પ્લાસ્ટીકનો કચરો વીણવાની મજુરી હાલ રહેવાસી-: બંગાળી મસ્જીદની પાસે છાપરામાં ચંડોળા ટેકરો ચંડોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેર મુળ વતન. ગામ પુખોરિયા થાના ગોપાલગંજ જીલ્લા ગોપાલગંજ બાંગ્લાદેશ તથા નં.(૪) મુનસુર જીરુ શેખ (મુસ્લીમ) ઉ.વ.૨૦ ધંધો: ભંગાર વીણવાની મજુરી કામ હાલ રહે, બંગાલી મસ્જીદ પાસે છાપરામાં, ચંડોળા તળાવ, ઇસનપુર, અમદાવાદ. મુળ રહે. ગામ: ધુન્દા પોસ્ટ:ઘોડાખલી થાના: નોડાઇલ જી.નોડાઇલ, બાંગ્લાદેશ તથા નં.(૫) મહંમદ રૂબેલ મુલ્લા મહંમદ અકાજ મુલ્લા (મુસ્લીમ) ઉ.વ.૨૩ ધંધો: મજુરી કામ હાલ રહે, બંગાલી મસ્જીદની પાસે, ચંડોળા તળાવ, ઇસનપુર, અમદાવાદ. મુળ રહે. ગામ: કુલશુર પોસ્ટ: કુલશુર થાના: કાલીયા જી.નોડાઇલ, બાંગ્લાદેશ તથા નં.(૬) તોયેબ અબ્દુલરઝાક શેખ (મુસ્લીમ) ઉ.વ.૩૦ ધંધો: ભંગાર વીણવાની મજુરી કામ હાલ રહે, બંગાલી મસ્જીદ પાસે છાપરામાં, ચંડોળા તળાવ, ઇસનપુર, અમદાવાદ. મુળ રહે, ગામ: સીતારામપુરસર પોસ્ટ:કાલીયા થાના: કાલીયા જી.નોડાઇલ, બાંગ્લાદેશ તથા નં.(૭) અબ્દુલરહેમાન મહંમદ બાલું શેખ (મુસ્લીમ) ઉ.વ.૨૨ ધંધો: ભંગાર વીણવાની મજુરી કામ હાલ રહે, સિયાસતનગર ના છાપરાં, ચંડોળા તળાવ, ઇસનપુર, અમદાવાદ. મુળ રહે. ગામ: બાવસુના પોસ્ટ: બાવસુના થાના: નોડાગત્તી જી.નોડાઇલ, બાંગ્લાદેશ નાઓ બાંગ્લાદેશી નાગરિકો હોય જેઓને દાણીલીમડા સુએજ ફાર્મ ખાતેથી તા.૨૨/૦૪/૨૦૧૫ ના કલાક ૧૩/૧૫ વાગે પકડી ડિટેઇન કરવામાં આવેલ છે.

સદરી બાંગ્લાદેશી નાગરિકો કોઇ ગુન્હાહીત પ્રવુતી સાથે સંકળાયેલ છે કે કેમ? તેમજ સદરી બાંગ્લાદેશી નાગરિકો ભારતમાં કઇ બોર્ડરથી તથા કયા એજન્ટો દ્વારા ઘુસણખોરી કરેલ છે તે દિશામાં તેમજ ભારતમાં ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરવાનું કારણ શુ હતું તેમજ ભારતમાં ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરી આવી કોઇ ગુનાહીત પ્રવુતિઓ કરવાના હતા કે કેમ? તે દિશામાં તપાસ ચાલું છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)